**પ્રેસ પ્રકાશન**

**ભારતીય રિઝર્વ બેંક**

સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001

વેબસાઇટ : **www.rbi.org.in**

ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358

ઈ-મેઇલ : helpdoc@rbi.org.in


તારીખ: 03 જાન્યુઆરી 2017

**ભારતીય રિઝર્વ બેંક શ્રીમતી સુરેખા મરાન્ડી ની નવા ઈડી તરીકે નિમણુંક કરે છે**

શ્રી યુ. એસ. પાલીવાલ કે જે 31 ડીસેમ્બર 2016 ના રોજ નિવૃત્ત થયા તેમની વય નિવૃત્તિ ના પરિણામ સ્વરૂપ ભારતીય રિઝર્વ બેન્કે શ્રીમતી સુરેખા મરાન્ડી ની એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર (ઇડી) તરીકે નિમણુંક કરેલી છે. શ્રીમતી મરાન્ડી એ 02 જાન્યુઆરી 2017 થી કાર્યભાર સંભાળ્યો.

એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર તરીકે, શ્રીમતી મરાન્ડી ગ્રાહક શિક્ષણ અને સુરક્ષા વિભાગ, વિત્તીય સમાવેશ અને વિકાસ વિભાગ તથા સેક્રેટરી ડીપાર્ટમેન્ટ સંભાળશે. તેમણે યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા અને બેંક ઓફ બરોડા ના બોર્ડમાં પણ સેવા આપેલી છે.

ઈડી તરીકે ની પદોન્નતિ પહેલાં, શ્રીમતી મરાન્ડી રિઝર્વ બેંક માં પ્રધાન મુખ્ય મહાપ્રબંધક અને ચીફ વિજીલન્સ ઓફિસર હતા. શ્રીમતી મરાન્ડી એ રિઝર્વ બેંક માં ત્રણ દાયકા ના સમય ગાળામાં વિનિયમન અને પર્યવેક્ષણ, વિત્તીય સમાવેશ અને વિકાસ તથા માનવ સંસાધન પ્રબંધન જેવા ક્ષેત્રો માં ફરજ બજાવેલી છે. શ્રીમતી મરાન્ડી જાધવપુર યુનીવર્સીટી માંથી અનુ સ્નાતક ની પદવી ધરાવે છે.

અલ્પના કીલાવાલા

પ્રધાન સલાહકાર

પ્રેસ પ્રકાશન: 2016-2017/1757